# શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં નિક્ષેપા

: સંકલન :

પૂ.સ્વ.આ. ભ. શ્રી.વિ. અમરગુપ્ત સૂ.મ.સા.ના શિષ્ય

પૂ.આ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.

: પ્રકાશન :

શ્રી અનેકાન્ત પ્રકાશન જૈન રીલીજીયસ ટ્રસ્ટ

# શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં નિક્ષેપા

: સંકલન :
પૂ.સ્વ.આ.ભ.શ્રી.વિ. અમરગુપ્ત સૂ.મ.સા.ના શિષ્ય
પૂ.આ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.

: આર્થિક સહકાર :
**રશ્મિકાન્ત બાબુલાલ શાહ**
૨૦૨, દિવ્યદર્શન, બ્રાહ્મણસભાલેન,
મલાડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૪.

: પ્રકાશન :
શ્રી અનેકાન્ત પ્રકાશન જૈન રીલીજીયસ ટ્રસ્ટ

# શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં નિક્ષેપા

પ્રથમ આવૃત્તિ      વિ.સં. ૨૦૫૮
૧૦૦૦ નકલ      મ.સુ. ૫

: પ્રાપ્તિસ્થાન :

**મુકુંદભાઈ આર. શાહ**
૫, નવરત્ન ફ્લેટ્સ્
નવા વિકાસગૃહ માર્ગ
પાલડી- અમદાવાદ-૭

**વિજયકર કાંતિલાલ ઝવેરી**
પ્રેમવર્ધક ફ્લેટ્સ્
નવા વિકાસગૃહ માર્ગ-પાલડી
અમદાવાદ- ૩૮૦૦૦૭

**જતીનભાઇ હેમચંદ શાહ**
'કોમલ' છાપરીયા
શેરી: મહીધરપુરા
સુરત - ૩૯૫૦૦૩

**રજનીકાંત એફ. વોરા**
૬૫૫, સાચાપીર સ્ટ્રીટ,
પુણે કૅમ્પ,
પુણે - ૪૧૧૦૦૧.

**શા. સૂર્યકાન્ત ચતુરલાલ**
મુ. પો. મુરબાડ (જિ. ઠાણે)

: આર્થિક સહકાર :
**રશ્મિકાન્ત બાબુલાલ શાહ**
૨૦૨, દિવ્યદર્શન, બ્રાહ્મણસભાલેન,
(વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૪.

: મુદ્રણ વ્યવસ્થા :
કુમાર
૧૦૮ - બી. ચંદાવાડી, બીજે માળે,
સી.પી. ટેંક રોડ, મુંબઈ ૪૦૦૦૦૪.

અનન્તોપકારી શ્રી તીર્થંકરપરમાત્માએ પ્રરૂપેલા સમસ્ત જીવાજીવાદિ પદાર્થોને સમગ્ર સ્વરૂપે અને પ્રકારો વડે સમજવા માટે નામાદિ નિક્ષેપાને વર્ણવ્યા છે. જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષયોપશમવિશેષે પ્રાપ્ત થયેલી પ્રતિભાના સામર્થ્યથી સમર્થ શાસ્ત્રકાર પરમર્ષિઓએ અનેકાનેક નિક્ષેપાને જણાવીને તે તે શાસ્ત્રોની પરમતારક રચના વડે આપણને તત્ત્વ સમજાવવાનો ખૂબ જ ઉત્કટ કોટિનો પ્રયાસ કર્યો છે. પરંતુ આજે માર્ગના જ્ઞાતા બનવાના બદલે આપણે માર્ગમાં અટવાતા હોઈએ એવું મોટા ભાગે લાગ્યા કરે છે. આવા સંયોગોમાં એ અનેકાનેક નિક્ષેપાને કદાચ ના સમજી શકાય તો ય સર્વવ્યાપક **नाम, स्थापना, द्रव्य** અને **भाव** : આ ચાર નિક્ષેપાને શાસ્ત્રીય પરિભાષાએ સમજી લેવાનું આવશ્યક હોવાથી એ અંગે અહીં થોડો પ્રયત્ન કર્યો છે.

કોઈ પણ પદાર્થનું વર્ણાવલી સ્વરૂપ નામ અને તે નામની કોઈ પણ સચેતન કે અચેતન એવી તેના અર્થથી શૂન્ય વસ્તુ : એ તે તે પદાર્થનો **नाम** નિક્ષેપો છે.

ભાવાત્મક વસ્તુને ઉદ્દેશીને અલ્પ કાળ માટે અથવા તો કાયમ માટે કાષ્ઠ, પાષાણ, પુસ્તક, ચિત્ર વગેરેમાં અથવા અક્ષ વગેરેમાં આકાર સાથે કે આકાર વિના જે સ્થાપના કરાય છે અથવા તો અનાદિકાળથી હોય છે, તે **स्थापना** નિક્ષેપો છે.

ભાવાત્મક વસ્તુનું પૂર્વનું કારણ હોય અથવા તો ભવિષ્યમાં કારણ બનવાનું હોય તે દ્રવ્ય છે. એ દ્રવ્યનિક્ષેપો સચેતનશરીરસ્વરૂપ અથવા તો અચેતનશરીરાદિસ્વરૂપ પણ હોય છે. વસ્તુની ભાવરહિત અવસ્થા, કાર્ય પ્રત્યેની અસાધકતા, અપ્રશસ્ત (સંસારવર્ધક) પરિણામિતા વગેરેનો વિચાર કરીને પણ દ્રવ્યનિક્ષેપાનું વર્ણન કરાય છે.

વસ્તુના તાત્ત્વિક સ્વરૂપને લઈને ભાવનિક્ષેપાનું વર્ણન થાય છે.

**ઘટ** (ઘડો) : આ પ્રમાણેનું નામ તેમ જ **ઘટ** નામની કોઈ માણસ વગેરે વસ્તુ **નામઘટ** છે.

કાષ્ઠ વગેરેમાં કોતરેલો, દોરેલો કે આલેખેલો એવો જે ઘટનો આકાર છે અથવા તો કોઈ પણ અક્ષ વગેરેને ઘટરૂપે કલ્પેલા હોય તે બધા **સ્થાપનાઘટ** છે.

ઘડાના ઠીકરા, જેમાંથી ઘડો થવાનો છે તે માટી, પોતાના જલાદિ ધારણ કરવા સ્વરૂપ કાર્યને કરવા માટે અનુપયોગી એવો ઘડો, **ઘટ** શબ્દના અર્થના ઉપયોગથી રહિત એવો **ઘટ** શબ્દના અર્થનો જ્ઞાતા તેમ જ ભવિષ્યમાં **ઘટ** શબ્દના અર્થનો જ્ઞાતા બનનાર અને **ઘટ** શબ્દનો અર્થ જેણે જાણી લઈને બીજાને જણાવ્યો વગેરે હોય તેનું મૃતાવસ્થાનું શરીર : આ બધા **દ્રવ્યઘટ** છે.

પાણી વગેરેથી ભરેલો ઘડો, **ઘટ** શબ્દના અર્થનો જ્ઞાતા તેના ઉપયોગમાં વર્ત્તતો હોય, તેને સમજાવવાની

ક્રિયામાં ઉપયોગવાળો હોય તે બધા ભાવઘટ છે.

આ રીતે યથાસંભવ વસ્તુમાત્રના નામાદિ ચાર નિક્ષેપાનો વિચાર કરી શકાય છે. સ્થૂલદષ્ટિએ કરેલી આ વિચારણા શાસ્ત્રીય રીતે થોડી વિસ્તારથી આ પુસ્તિકામાં કરી છે. આથી સમજી શકાશે કે દ્રવ્ય અને સ્થાપના : આ બે નિક્ષેપામાં ઘણો ફરક છે. ગુરુની સ્થાપના અને ગુરુનો દ્રવ્યનિક્ષેપો એ બંન્નેને એક માનવાનું ઉચિત નથી. મૃત અને જીવિત અવસ્થાના કારણે સ્થાપનાનિક્ષેપામાં કોઈ ફરક પડતો નથી. સ્થાપના ક્યારે કરવી, કોની કરવી અને શા માટે કરવી-એ જણાવવા માટે અહીં સ્થાપનાનિક્ષેપાનું વર્ણન કરાયું નથી. અન્યત્ર પણ એ રીતે કરાયું નથી. 'સ્થાપનાનું સ્વરૂપ જણાવવા માટેનું નિરૂપણ સ્થાપનાના વિધાન માટે છે'-એ કહેવું યુક્તિસંગત નથી...ઈત્યાદિનો ખ્યાલ આવે એ માટેનો આ એક પ્રયાસ છે.

નામ અને તેના અર્થથી રહિત તે નામવાળી વસ્તુ : આ બંન્ને નામનિક્ષેપા છે. આકારવાળી અથવા આકાર વિનાની, અલ્પકાલીન અથવા યાવદર્થકાલીન સ્થાપના અનેક પ્રકારની છે. આગમને આશ્રયીને અને નોઆગમને આશ્રયીને દ્રવ્યનિક્ષેપો મુખ્યપણે બે પ્રકારનો છે. નો-આગમને આશ્રયીને દ્રવ્યનિક્ષેપાના મુખ્ય ત્રણ પ્રકાર છે. જ્ઞશરીર, ભવ્યશરીર અને તે બંન્નેથી વ્યતિરિક્ત-જ્ઞશરીર ભવ્યશરીરવ્યતિરિક્ત દ્રવ્યનિક્ષેપાના વક્તાની વિવક્ષા

મુજબ અનેક પ્રકારો છે. તે તે ગ્રંથમાં તેના નિરૂપણના અવસરે તે વર્ણવેલા છે. દ્રવ્યનિક્ષેપાનો વિચાર કરતી વખતે ભાવની કારણતા અને ઉપયોગના અભાવને મોટા ભાગે લક્ષ્યમાં લેવાય છે. ભાવનું સ્વરૂપ પ્રતીત છે. આગમ અને નો-આગમને આશ્રયીને ઉપયોગની પ્રધાનતાથી તેની વિચારણા કરાય છે. નો-આગમને આશ્રયીને ભાવનિક્ષેપાના પણ અનેક પ્રકારો છે, જે તે તે ગ્રંથમાં તેના નિરૂપણના અવસરે દર્શાવ્યા છે. આ વિષયને અનુલક્ષીને થોડી વિસ્તારથી શાસ્ત્રીય રીતે અહીં વિચારણા કરી છે. એના વાંચન અને મનનથી મુમુક્ષુ આત્માઓ નામાદિ નિક્ષેપાનો યોગ્ય રીતે નિક્ષેપ કરે અને પોતાની ભાવમુમુક્ષુ અવસ્થાની સાધના દ્વારા પોતાની દ્રવ્યસિદ્ધાવસ્થાને ભાવસિદ્ધાવસ્થામાં પરિણમાવે એવી આશા સાથે વિરમું છું.

નવસારી — -આ.વિ. ચન્દ્રગુપ્તસૂરિ

મા.વ.૧૨, ૨૦૫૮

તા. ૧૦-૧-૨૦૦૨

ગુરુવાર

# શ્રી અનુયોગદ્વારસૂત્રમાં નિક્ષેપા

**जत्थ य जं जाणेज्जा निक्खेवं निक्खिवे निरवसेसं ।**

**जत्थविअ न जाणेज्जा चउक्कगं निक्खिवे तत्थ ॥१॥**

શ્રી અનુયોગદ્વારસૂત્રમાં સૂત્ર ૭ પછીની આ ગાથાથી ફરમાવ્યું છે કે-જીવાદિ વસ્તુઓમાં જ્યાં નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ, ક્ષેત્ર, ભવ અને કાળ વગેરે જેટલા નિક્ષેપા જાણવામાં આવે ત્યાં તેટલા બધા જ નિક્ષેપા જણાવવા. પરંતુ જ્યાં એ બધા નિક્ષેપા જાણવામાં ન આવે ત્યાં પણ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ : આ ચાર નિક્ષેપા તો જણાવવા જ. કારણ કે વસ્તુમાત્રના એ ચાર નિક્ષેપા તો હોય છે જ. એવી કોઈ વસ્તુ નથી કે જેના નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ : આ ચાર નિક્ષેપા ન હોય. જેટલા સંભવી શકે તે રીતે નામ, દ્રવ્ય અને સ્થાપનાદિ દ્વારા તે તે જીવાદિ-ભેદો-પ્રકારોનું જે નિરૂપણ કરાય છે, તેને નિક્ષેપ કહેવાય છે. ''વસ્તુના લક્ષણ(સ્વરૂપ) અને પ્રકારને આશ્રયીને વિસ્તારથી જીવાદિ વસ્તુનું જે નિરૂપણ કરાય છે, તેને વસ્તુનો ન્યાસ એટલે કે વસ્તુનો નિક્ષેપ કહેવાય છે.''-આ પ્રમાણે તત્ત્વાર્થસૂત્રના ભાષ્યમાં (સૂ. ૧-૫) જણાવ્યું છે.

એ નિક્ષેપાથી વસ્તુનું વિસ્તારથી જ્ઞાન થાય છે.

**घटं शृणोमि; चित्रेऽस्मिन् अयं घटः; अत्र घट उत्पद्यते** અને **अयं जलपूर्णो घटः**-અહીં બધા પ્રયોગોમાં **ઘટ** શબ્દનો પ્રયોગ છે, શબ્દ એક જ છે, પરંતુ તેનાથી પ્રતીયમાન અર્થ એક જ નથી. 'ઘટપદને સાંભળું છું.' અહીં **ઘટ** શબ્દ નામઘટને સમજાવે છે. 'આ ચિત્રમાં આ ઘટ છે.' અહીં **ઘટ** શબ્દથી સ્થાપનાઘટ પ્રતીત થાય છે. 'અહીં ઘટ ઉત્પન્ન થાય છે.' અહીં **ઘટ** શબ્દનો અર્થ દ્રવ્યઘટ છે અને 'આ પાણીથી ભરેલો ઘડો છે.' અહીં **ઘટ** શબ્દથી ભાવઘટ જણાવાય છે. આથી સમજી લેવું જોઈએ કે એક **ઘટ** શબ્દ; નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ : આ ચાર પ્રકારના ઘટને જણાવે છે. આ રીતે દરેક શબ્દના નામાદિ ચાર નિક્ષેપે ચાર અર્થ સમજી લેવા.

ઉપર જણાવ્યા મુજબ ચાર નિક્ષેપા સામાન્યથી સુપ્રસિદ્ધ છે. શાસ્ત્રીય રીતે એ અંગે અહીં થોડી વિચારણા કરી લેવાનું અત્યારે આવશ્યક બન્યું છે. શ્રી અનુયોગદ્વાર વગેરે સૂત્રમાં વર્ણવેલા એ ચાર નિક્ષેપાનું સ્વરૂપ સમજી લેવાથી વર્ત્તમાનમાં ચાલી રહેલી નિક્ષેપાની વાતો કેટલી યુક્તાયુક્ત છે : તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે.

**નામ :** ''यद् वस्तुनोऽभिधानं स्थितमन्यार्थे तदर्थ-निरपेक्षम् । पर्यायानभिधेयञ्च नाम यादृच्छिकञ्च तथा''-''વસ્તુનું જે નામ છે; તેને 'નામ' નિક્ષેપો કહેવાય છે. જે નામ પોતાના અર્થને છોડીને બીજા અર્થને જણાવે છે, પોતાના (તેના)અર્થને જણાવતું નથી અને એ નામથી જણાતો અર્થ પર્યાયવાચક નામથી વાચ્ય હોતો નથી તે અર્થ પણ 'નામ' નિક્ષેપો છે. તેમ જ કોઈએ પણ પોતાની ઈચ્છાથી તેવા પ્રકારની વ્યુત્પત્તિથી રહિત જે નામ રાખ્યું હોય તે પણ નામ છે.''-આ પ્રમાણે સામાન્યથી ઉપર જણાવેલી ગાથાનો અર્થ છે. એના પરમાર્થને સમજાવતાં શ્રી અનુયોગદ્વારસૂત્રના આઠમા સૂત્રની ટીકામાં ટીકાકાર પરમર્ષિએ જણાવ્યું છે કે-

ઈન્દ્ર વગેરે વસ્તુનું 'इन्द्र' ઈત્યાદિ સ્વરૂપ જે વર્ણાવલીમાત્ર(इन्द्र આ બે વર્ણસ્વરૂપ)સ્વરૂપ નામ છે તેને નામનિક્ષેપો કહેવાય છે. આથી સમજી શકાશે કે કોઈ પણ વસ્તુનું પોતાનું જે નામ છે તેને નામનિક્ષેપો કહેવાય છે. વસ્તુનું નામ, વસ્તુનો નામનિક્ષેપો છે અર્થાદ્ વસ્તુનું નામ નામવસ્તુ છે. આ પ્રમાણે ગાથામાંના 'यद् वस्तुनोऽभिधानम्' આ પદોથી એક રીતે નામનિક્ષેપાનું વર્ણન કરીને,

'स्थितमन्यार्थे तदर्थनिरपेक्षं पर्यायानभिधेयञ्च' આ પદોથી બીજી રીતે નામનિક્ષેપાનું વર્ણન કરાય છે.

કહેવાનો આશય એ છે કે સૌધર્માદિ ઈન્દ્રોનું **इन्द्र** આવું જે નામ છે તે 'નામ-ઈન્દ્ર' છે; તે જણાવીને હવે નામનિક્ષેપાનો બીજા પ્રકારે વિચાર કરાય છે. ગોવાળિયાના કોઈ એક છોકરાનું એના પાલકે જે **इन्द्र** આ પ્રમાણે નામ રાખ્યું એ નામઈન્દ્ર. ત્યાં **इन्द्र** નામ; સૌધર્માદિ ઈન્દ્રસ્વરૂપ પોતાના અર્થને બદલે તેનાથી બીજા એવા ગોવાળિયાના છોકરાને કે જેનું **इन्द्र** આ પ્રમાણે નામ રાખ્યું છે તેને સમજાવે છે તેમ જ **इन्द्र** નામના અર્થસ્વરૂપ સૌધર્માદિ ઈન્દ્રને સમજાવતું નથી અને સૌધર્માદિ ઈન્દ્રના પર્યાયવાચક નામ સ્વરૂપ શચીપતિ, મઘવા વગેરે નામથી અભિધેય (કહી શકાતું) નથી. સૌધર્માદિ ઈન્દ્રને જેમ **इन्द्र शचीपति मघवा**...ઈત્યાદિ નામથી જણાવાય છે તેમ 'ઈન્દ્ર' આ પ્રમાણે જેનું નામ રાખ્યું છે તે ગોવાળિયાના છોકરાને **इन्द्र** નામે વર્ણવવા છતાં **शचीपति मघवा** વગેરે (પર્યાયવાચક-સમાનાર્થક) નામથી વર્ણવાતો નથી. કારણ કે **इन्द्र** શબ્દના અર્થથી નિરપેક્ષપણે અહીં **इन्द्र** શબ્દ વપરાયો છે. તેથી ગોવાળિયાના છોકરાનું 'ઈન્દ્ર' આ નામ પર્યાયથી અનભિ-

ધેય છે. જોકે અભિધેય અર્થ હોય છે અને નામ તેનું અભિ-ધાન કે અભિધાયક હોય છે. પરંતુ નામ અને તેનો અર્થ : એ બેને કથંચિદ્ અભેદ હોય છે એની અપેક્ષાએ ઉપર જણાવેલી ગાથામાં નામને પણ અનભિધેય(અવાચ્ય) તરીકે વર્ણવ્યું છે. જે અભિધેય(વાચ્ય-કહેવાયોગ્ય)થી ભિન્ન છે તેને અનભિધેય કહેવાય છે. **इन्द्र शक्र पुरन्दर...** ઈત્યાદિ શબ્દના અભિધેય તરીકે સૌધર્મેન્દ્ર પ્રસિદ્ધ છે. ગોવાળિયાનો છોકરો; તેનું 'ઈન્દ્ર' નામ રાખેલું હોવાથી **इन्द्र** નામનો તે અભિધેય છે, પરંતુ **शक्र पुरन्दर** આદિ શબ્દનો અભિધેય નથી, અનભિધેય છે. આથી સમજી શકાશે કે વાસ્તવિક સૌધર્મ ઈન્દ્રાદિ સ્વરૂપ ઈન્દ્રમાં પ્રસિદ્ધ એવું '**इन्द्र**' નામ તેના અર્થથી શૂન્ય એવા ગોવાળિયાના છોકરામાં આરોપિત કરાય છે, તે પણ નામ છે.

ત્રીજા પ્રકારે નામનું વર્ણન "**यादृच्छिकञ्च तथा**" આ પદોથી કરાયું છે. એનો આશય એ છે કે શબ્દની વ્યુત્પત્તિથી શૂન્ય એવા **डित्थ डवित्थ** ઈત્યાદિ નામો પણ નામ છે. શબ્દની નિષ્પત્તિમાં જે નિમિત્ત બને છે, તેને સામાન્યથી વ્યુત્પત્તિનિમિત્ત કહેવાય છે. દા.ત. **इन्दनाद् इन्द्रः** અહીં પરમ ઐશ્વર્યથી શોભે છે માટે ઈન્દ્ર કહેવાય છે-આ પ્રમાણે

इन्द् ધાતુ ઉપરથી इन्द्र નામ બને છે. તેમાં તાદશ ઐશ્વર્યની શોભા નિમિત્ત બને છે. તેની વ્યુત્પત્તિનું તે નિમિત્ત છે. ઈન્દ્રનું इन्द्र નામ, ગોવાળિયાના છોકરાનું इन्द्र નામ અને કોઈનું પણ **डित्थ डवित्थ** વગેરે નામ : આ નામના ત્રણ પ્રકાર **यद् वस्तुनो**...ઈત્યાદિ ગાથા દ્વારા જણાવ્યા છે. પ્રથમ પ્રકારમાં શબ્દાર્થ ઘટે છે, બીજા પ્રકારમાં શબ્દાર્થ ઘટતો નથી અને ત્રીજા પ્રકારમાં શબ્દનો કોઈ અર્થ નથી, માત્ર સંકેત છે. આ પ્રમાણે નામનું ત્રિવિધ સ્વરૂપ વર્ણવ્યું છે. એમાં इन्द्र આ પ્રમાણેની વર્ણશ્રેણી 'નામઈન્દ્ર' છે અને જીવ કે અજીવ, કે જેનું 'ઈન્દ્ર' આ પ્રમાણે નામ રાખવામાં આવ્યું છે તે ગોવાળનો છોકરો વગેરે પણ નામઈન્દ્ર છે. અર્થાદ્ નામસ્વરૂપ ઈન્દ્ર અને નામના કારણે ઈન્દ્ર : આ બે રીતે નામેન્દ્રનું અર્થાદ્ ઈન્દ્રના નામનિક્ષેપાનું વર્ણન કરી શકાય છે. ઘટ(ઘડો), પટ(કપડું) વગેરેનું જે **घट पट** વગેરે નામ છે તેને નામઘટ (નામસ્વરૂપ ઘટ) અને નામપટ (નામસ્વરૂપ પટ) વગેરે કહેવાય છે તેમ જ જે કોઈ પણ વસ્તુનું **घट पट** વગેરે નામ પાડ્યું હોય તે તે વસ્તુને નામઘટ (નામથી ઘટ), નામપટ (નામથી પટ) વગેરે કહેવાય છે. આવી જ રીતે વસ્તુમાત્રનો નામનિક્ષેપાથી વિચાર કરવો જોઈએ.

**સ્થાપના :** यत्तु तदर्थवियुक्तं तदभिप्रायेण यच्च तत्करणि। लेप्यादिकर्म्म तत्स्थापनेति क्रियतेऽल्पकालं च ॥

શ્રી અનુયોગદ્વારસૂત્રની ટીકામાં સ્થાપનાનું સ્વરૂપ વર્ણવતી વખતે ઉપરની ગાથાનો ઉલ્લેખ છે. "જે અલ્પકાળ માટે અથવા તો સદાને માટે; ભાવથી રહિત અને ભાવના અભિપ્રાયે તેના સાદશ્યને ધરનારું અથવા તો નહિ ધરનારું જે લેપ્યાદિ કર્મ (પૂતળી વગેરે સ્વરૂપ કાર્ય) કરાય છે; તેને સ્થાપના કહેવાય છે."-આ પ્રમાણે સામાન્યથી ગાથાનો અર્થ છે. શિષ્યોના અનુગ્રહ માટે ટીકાકાર પરમર્ષિએ એ ગાથાનું વિવરણ કર્યું છે, જે અક્ષરશઃ નીચે મુજબ છે.

तु-शब्दो नामलक्षणात् स्थापनालक्षणस्य भेदसूचकः; स चासावर्थश्च तदर्थो-भावेन्द्रभावावश्यकादिलक्षणस्तेन वियुक्तं रहितं यद् वस्तु 'तदभिप्रायेण' भावेन्द्राद्यभिप्रायेण 'क्रियते' स्थाप्यते तत् स्थापनेति सम्बन्धः; किंविशिष्टं यदित्याह-यच्च 'तत्करणि' तेन-भावेन्द्रादिना सह करणिः सादृश्यं यस्य(तत्) तत्करणि-तत्सदृशमित्यर्थः; चशब्दात्तद-करणि चाक्षादि वस्तु गृह्यते, असदृशमित्यर्थः; किं पुनस्तदेवंभूतं वस्त्वित्याह-'लेप्यादिकर्म्मे'ति लेप्यपुत्तलिका-दीत्यर्थः, आदिशब्दात् काष्ठपुत्तलिकादि गृह्यते; अक्षादि

वाऽनाकारं; कियन्तं कालं तत् क्रियत इत्याह-अल्पः कालो यस्य तदल्पकालम्-इत्वरकालमित्यर्थः, चशब्दाद्यावत्कथिकं च शाश्वतप्रतिमादि, यत् पुनर्भावेन्द्राद्यर्थरहितं साकारमनाकारं वा तदर्थाभिप्रायेण क्रियते तत्स्थापनेति तात्पर्यमित्यार्यार्थः॥

ઉપર જણાવેલી ગાથા અને તેની વૃત્તિ(ટીકા) વાંચવાથી સમજાશે કે સૂત્રકાર પરમર્ષિના આશય સુધી પહોંચવા માટે વ્યાખ્યાપદ્ધતિ કેવી હોય છે. વૃત્તિનો વિચાર કરવામાં ન આવે તો એકલી ગાથાથી સૂત્રકારશ્રીના આશયને સમજવાનું શક્ય નથી. સંસ્કૃતભાષાના જાણકારો વૃત્તિનો અર્થ સમજી શકે છે. ગુજરાતી વગેરે ભાષામાં વૃત્તિનો અર્થ સમજવાનું થોડું અઘરું છે. यत्तु અહીં જે तु શબ્દ છે તે, પૂર્વે જણાવેલા નામના સ્વરૂપથી સ્થાપનાનું સ્વરૂપ ભિન્ન (જુદું) છે : એ જણાવવા માટે છે. 'તે એવો જે અર્થ' તેને તદર્થ તરીકે જણાવ્યો છે, જે ભાવેન્દ્ર ભાવાવશ્યક..વગેરે સ્વરૂપ છે. તેનાથી રહિત જે વસ્તુ, ભાવેન્દ્ર વગેરેના અભિપ્રાય (ધારણા-કલ્પના)થી કરાય છે એટલે કે સ્થપાય છે તેને સ્થાપના કહેવાય છે. એ વસ્તુ કેવી હોય છે કે જે સ્થાપવામાં આવે છે, તે કહે છે-तत्करणि । ભાવેન્દ્ર વગેરેની સાથે કરણિ એટલે કે સાદશ્ય (સરખાપણું) જેને

છે તેને તત્કરણિ અર્થાત્ તત્સદશ કહેવાય છે. **यच्च** અહીં **च** શબ્દથી તદકરણિ-તદસદશનું પણ ગ્રહણ કરાય છે.

ભાવેન્દ્રાદિસ્વરૂપ વસ્તુના અભિપ્રાયથી તેના જેવી અથવા તો તેના જેવી નહિ અર્થાત્ તેના આકારવાળી કે તેના આકાર વિનાની જે સ્થાપનારૂપે વસ્તુ સ્થપાય છે તે કેવી હોય છે તે કહેવાય છે-'**लेप्यादिकर्म्म**' લેપ્ય-માટી વગેરેથી બનાવેલી પૂતળી-બાવલું વગેરે સ્વરૂપ તે સ્થાપના હોય છે. **आदि** શબ્દથી અહીં કાષ્ઠની પૂતળી કે ધાતુની પૂતળી વગેરેનું ગ્રહણ કરાય છે અથવા '**लेप्य**' પદથી આકારયુક્ત પ્રતિમાનું ગ્રહણ છે અને '**आदि**' શબ્દથી આકાર વિનાની અક્ષ(શંખ) વગેરે સ્વરૂપ વસ્તુનું ગ્રહણ કરાય છે.

આ સ્થાપના કેટલા કાળ માટે કરાય છે, તે કહે છે-'**क्रियतेऽल्पकालञ्च ।**' એનો આશય એ છે કે સ્થાપના અલ્પકાળ(ઈત્વરકાળ)વાળી હોય છે. અહીં **च** શબ્દથી યાવત્કથિક(જ્યાં સુધી રહે ત્યાં સુધી) શાશ્વત પ્રતિમાદિ સ્વરૂપ સ્થાપનાનું ગ્રહણ કરવું. અર્થાત્ સ્થાપના અલ્પકાળ-વાળી પણ હોય છે અને ચિરકાળવાળી-સદાની પણ હોય છે. અહીં યાદ રાખવું કે જ્યારે અલ્પકાલીન કે ચિરકાલીન

સ્થાપનાની વિવક્ષા કરીએ ત્યારે **स्थाप्यत इति स्थापना-** આવી વ્યુત્પત્તિ સમજવી અને જ્યારે શાશ્વતપ્રતિમાજી વગેરે સ્વરૂપ સ્થાપનાની વિવક્ષા કરીએ ત્યારે **सदा तिष्ठतीति** (સદા રહે છે તેથી) **स्थापना** આવી વ્યુત્પત્તિ સમજવી.

આર્યા(ગાથા)નું તાત્પર્ય એ છે કે અલ્પકાલાદિ માટે ભાવેન્દ્રાદિ વસ્તુના સ્વરૂપથી રહિત સાકાર કે અનાકાર ભાવેન્દ્રાદિ વસ્તુના અભિપ્રાયથી જે વસ્તુ કરાય છે તે સ્થાપના છે. કાષ્ઠમાં કંડારેલી; ચિત્રમાં આલેખેલી; વસ્ત્ર, પુસ્તક અથવા તાડપત્રાદિમાં બનાવેલી; માટી વગેરે દ્રવ્યથી બનાવેલી; દોરા વગેરેને ગાંઠો મારીને કરેલી; પુષ્પો ગોઠવીને કરેલી અથવા વસ્ત્રોના પરિધાનથી થયેલી; ધાતુ (પિત્તલાદિ) ની ભરેલી; વસ્ત્રોના કટકાને સાંધીને બનાવેલી તેમ જ શંખ, કોડા, હાથીદાંત...વગેરેથી બનાવેલી સ્થાપના અનેક પ્રકારની છે. અહીં માત્ર સ્થાપનાનું સ્વરૂપ વર્ણવ્યું છે; સ્થાપના કઈ વિહિત છે કઈ વિહિત નથી ?, ક્યારે કરવી ક્યારે ન કરવી ?, ક્યાં કરવી ક્યાં ન કરવી ?, કોની કરવી કોની ન કરવી ?, કોણે કરવી અને કોણે ન કરવી ?... ઈત્યાદિનું અહીં નિરૂપણ કર્યું નથી. વસ્તુમાત્રની સ્થાપનાને ઉદ્દેશીને તેના સ્વરૂપનું વર્ણન કર્યું છેં. સામાન્ય રીતે

સ્થાપના; સદ્ભાવ(સાકાર) અને અસદ્ભાવ(અનાકાર) હોય છે તેમ જ ભાવસ્વરૂપ વસ્તુની હોય છે. વિદ્યમાન અને અવિદ્યમાન, જીવિત અને મૃત... વગેરે અવસ્થામાં પણ ભાવને ઉદ્દેશીને જ સ્થાપના કરાતી હોવાથી, તે અપેક્ષાએ તેમાં કોઈ જ ભેદ નથી. જીવિત અને મૃતની અવસ્થાને લઈને સ્થાપનામાં ભેદ માનવાનું ઉચિત નથી.

"નામ અને સ્થાપનામાં કોઈ વિશેષતા નથી, કારણ કે ઈન્દ્રાદિ ભાવાર્થથી રહિત એવા ગોવાળિયાના છોકરા વગેરેમાં (જીવાજીવાદિ દ્રવ્યમાત્રમાં) જેમ ઈન્દ્ર વગેરે નામ કરાય છે તેમ સ્થાપના પણ ઈન્દ્રાદિ ભાવાર્થથી રહિત એવા કાષ્ઠકર્માદિમાં(દ્રવ્યમાત્રમાં) કરાય છે. તેથી ભાવશૂન્ય દ્રવ્યમાત્રમાં કરાવાપણાના કારણે નામ અને સ્થાપનામાં કોઈ ભેદ નથી."-આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે નામ પોતાના આશ્રયભૂત દ્રવ્યના અસ્તિત્વ સુધી રહે છે પરંતુ વચ્ચે જ નષ્ટ થતું નથી, તેથી તે **यावत्कथिक** છે. જ્યારે સ્થાપના તો સ્વલ્પકાળ માટેની અથવા તો યાવત્કથિક હોય છે. અક્ષ વગેરેમાં કરેલી તે તે સ્થાપના ક્ષણાન્તરમાં પ્રયોજનવિશેષે ઉત્થાપીને તેનાથી બીજાની સ્થાપના પણ તે જ અક્ષ વગેરેમાં કરાય છે. શાશ્વતી પ્રતિમાજી વગેરે

સ્વરૂપ સ્થાપનાઓ યાવત્કથિક છે. આ રીતે **इत्वर** (અલ્પકાલીન) અને **यावत्कथिकः** આ ભેદથી સ્થાપના બે પ્રકારની હોય છે અને નામ તો ઉપર જણાવ્યા મુજબ **यावत्कथिक** જ હોય છે.

યદ્યપિ સ્થાપનાની જેમ, કોઈના નામમાં પરિવર્ત્તન કરાતું હોવાથી નામ '**इत्वर**'-અલ્પકાલીન પણ હોય છે. પરંતુ પ્રાયઃ નામ યાવત્કથિક હોય છે. ઈત્વર નામ બહુ જ અલ્પ પ્રમાણમાં ક્વચિદ્ હોય છે તેથી તેની વિવક્ષા કરી નથી, માટે કાળની અપેક્ષાએ નામ અને સ્થાપનામાં ભેદ માનવામાં કોઈ દોષ નથી. 'કાળની અપેક્ષાએ જ નામ અને સ્થાપનામાં વિશેષ-ભેદ છે;' એવું નથી, બીજી રીતે પણ તેમાં ભેદ (ફરક) છે.

જેમ કે ઈન્દ્રાદિની પ્રતિમાદિસ્વરૂપ સ્થાપનામાં કુંડલ અને બાજુબંધાદિ અલંકારોથી શોભતા તેમ જ ઈન્દ્રાણી વજ્ર વગેરેનું સાન્નિધ્ય જેમાં હોય એવા આકારની જે ઉપલબ્ધિ થાય છે તેમ ઈન્દ્રાદિના નામમાં થતું નથી. ઈન્દ્રાદિની સ્થાપના જોવાથી જે ભાવ ઉલ્લસિત થાય છે તે ભાવ, ઈન્દ્રાદિ નામના શ્રવણમાત્રથી ઉલ્લસિત થતો નથી. તેમ જ તે સ્થાપનાની માનતા માનીને તેની પૂજા વગેરે

કરવાથી લોકને ઈષ્ટપ્રાપ્તિ વગેરે થતી જોવાય છે તેમ નામેન્દ્રાદિમાં નથી બનતું...વગેરે કારણે પણ નામ અને સ્થાપનામાં ભેદ-વિશેષ મનાય છે.

શ્રી અનુયોગદ્વારસૂત્રમાં વર્ણવેલું આ સ્થાપના નિક્ષેપાનું સ્વરૂપ શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રમાં પણ વર્ણવ્યું છે. વસ્તુમાત્રની સ્થાપના કાષ્ઠકર્માદિમાં અને અક્ષાદિમાં કરાય છે, જે અનુક્રમે સદ્ભાવ અને અસદ્ભાવ સ્થાપના સ્વરૂપ છે. જીવાદિનો આકાર (સજીવ શરીરાદિનો આકાર) અક્ષાદિમાં ન હોવાથી અક્ષાદિને જીવાદિની સ્થાપના તરીકે કઈ રીતે વર્ણવાય ? આ પ્રશ્નના ઉત્તરમાં ત્યાં જણાવ્યું છે કે બહારથી ત્યાં આકાર ન હોય તોપણ આકારની બુદ્ધિએ ત્યાં તેની સ્થાપના છે. આથી જ નામ અને દ્રવ્ય કરતાં સ્થાપનામાં ઘણો ફરક છે. કારણ કે સ્થાપના શબ્દ નથી અને ભાવના વિરહની વિવક્ષા પણ ત્યાં કરાતી નથી...આ પ્રમાણે જણાવેલું હોવા છતાં આજે કેટલાક વિદ્વાનો સ્થાપના અને દ્રવ્યને એક જણાવી રહ્યા છે, તે ઉચિત નથી.

ગુરુવંદનભાષ્યમાં પણ સામાન્યથી પૂ. ગુરુભગવંતની સ્થાપનાનું વર્ણન કર્યું છે. પૂ. ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં તેઓશ્રીની સાક્ષીએ પ્રતિક્રમણાદિની ક્રિયા માટે તેઓશ્રીની

સ્થાપના કરવાનું ત્યાં ફરમાવ્યું છે. તેઓશ્રીની જીવંત અથવા કાળધર્મ પામ્યા પછીની અવસ્થાને લઈને સ્થાપનાના પ્રકારો ત્યાં વર્ણવ્યા નથી. ત્યાં સદ્ભાવસ્થાપના અને અસદ્ભાવ સ્થાપના વર્ણવેલી હોવા છતાં પ્રતિક્રમણાદિની ક્રિયા માટે અસદ્ભાવસ્થાપનાનો જ ઉપયોગ કરવામાં આવે છે, સદ્ભાવસ્થાપનાનો ઉપયોગ કરાતો નથી. આમ છતાં એ ગાથાના આધારે પૂ. ગુરુભગવંતના ફોટા વગેરે બનાવવાનું વિધાન કરાય છે-તે વિચારણીય છે. અહીં તો માત્ર નિક્ષેપાનું સ્વરૂપ સમજાવવાનું તાત્પર્ય હોવાથી એની વિચારણા અહીં કરી નથી. એ વિષયમાં હવે પછી જણાવીશ.

**દ્રવ્ય :** भूतस्य भाविनो वा भावस्य हि कारणं तु यल्लोके । तद् द्रव्यं तत्त्वज्ञैः सचेतनाचेतनं कथितम् ॥

દ્રવ્યનું સ્વરૂપ વર્ણવતી વખતે શ્રી અનુયોગદ્વાર સૂત્રની ટીકામાં આ ગાથાની વ્યાખ્યા દ્વારા જણાવ્યું છે કે અતીતકાળના અથવા તો ભવિષ્યકાળના ભાવપર્યાયનું લોકમાં જે કારણ છે તે સચેતન કે અચેતનને તત્ત્વના જ્ઞાતાઓ 'દ્રવ્ય' કહે છે. આશય એ છે કે વસ્તુના પરિણામને પર્યાય કહેવાય છે. માટીનો પર્યાય ઘટ છે. કાલાદિના

કારણે તે તે વસ્તુમાં ભિન્ન ભિન્ન અવસ્થાઓ ઉત્પન્ન થાય છે, એ બધી પર્યાયસ્વરૂપ છે. જીવાદિ દ્રવ્યોના સહભાવી જ્ઞાનાદિગુણો છે અને ક્રમભાવે થનારા તે તે (દેવત્વાદિ) પર્યાયો છે. ભૂતકાળના પર્યાયોનું જે કારણ બન્યું છે અને ભવિષ્યના પર્યાયનું જે કારણ બનવાનું છે તેને તત્ત્વજ્ઞ પુરુષોએ દ્રવ્ય તરીકે વર્ણવ્યું છે. તે દ્રવ્ય, પુરુષાદિસ્વરૂપ સચેતન હોય છે અને કાષ્ઠસ્વરૂપ અચેતન હોય છે.

જે પૂર્વે સ્વર્ગાદિમાં ઈન્દ્રાદિરૂપે થઈને વર્ત્તમાનમાં મનુષ્યરૂપે પરિણામને પામ્યો છે, તે ભૂતકાળના ઈન્દ્રાદિ-પર્યાયનું કારણ બનેલો હોવાથી તેને (તે મનુષ્યને) દ્રવ્ય-ઈન્દ્ર (દ્રવ્યને આશ્રયીને ઈન્દ્ર વગેરે) કહેવાય છે. મંત્રીપદથી ભ્રષ્ટ થયેલાને જેમ મંત્રી કહેવાય છે, તેમ ભૂતકાળમાં ઈન્દ્રાદિ થઈને વર્ત્તમાનમાં મનુષ્ય થયેલાને દ્રવ્યઈન્દ્ર વગેરે કહેવાય છે. તેમ જ વર્ત્તમાનમાં જે મનુષ્ય છે અને ભવિષ્યમાં તે ઈન્દ્ર વગેરે થવાનો હોય તો તેને પણ દ્રવ્ય-ઈન્દ્ર વગેરે કહેવાય છે. કારણ કે ભવિષ્યત્કાળના ઈન્દ્રાદિ પર્યાયનું તે કારણ બનવાનો છે. ભવિષ્યમાં જે રાજા થવાનો છે એવા વર્ત્તમાનના રાજકુમારને જેમ રાજા કહેવાય છે, તેમ ભવિષ્યમાં થનારા ઈન્દ્રાદિપર્યાયને યોગ્ય એવા

મનુષ્યને દ્રવ્યઈન્દ્ર વગેરે કહેવાય છે. આવી જ રીતે અચેતન એવા કાષ્ઠ વગેરેમાં પણ સમજવું. પ્રતિમાદિનાં કારણ બની ચૂકેલાં અથવા ભવિષ્યમાં તેનાં કારણ બનનારાં એ કાષ્ઠ વગેરેને દ્રવ્યપ્રતિમા વગેરે કહેવાય છે. આથી સમજી શકાય છે કે સાધુ બનીને કાળધર્મ પામેલા તે મહાત્માના પુણ્યશરીરને દ્રવ્યસાધુ કહેવાય છે.

આ દ્રવ્યનિક્ષેપાના 'આગમથી દ્રવ્યનિક્ષેપો' અને 'નો-આગમથી દ્રવ્યનિક્ષેપો' : એમ મુખ્ય બે ભેદ છે. આગમને આશ્રયીને દ્રવ્યઈન્દ્ર તેને કહેવાય છે કે જેને 'इन्द्र' પદના અર્થનું જ્ઞાન છે, પરંતુ તેમાં ઉપયોગ નથી અર્થાત્ તેની વાચના, પૃચ્છના, પરાવર્ત્તના કે ધર્મકથા વડે તેનો ઉપયોગ નથી એવા માણસને આગમને આશ્રયીને દ્રવ્ય-ઈન્દ્ર કહેવાય છે. કારણ કે અનુપયોગ દ્રવ્ય છે. ઉપયોગ જીવનો ભાવ છે, તેનું વર્ત્તમાનમાં અસ્તિત્વ ન હોવાથી જીવને તે તે ઉપયોગના અભાવવાળો એટલે કે અનુપયોગ કહેવાય છે. વિવક્ષિત ઈન્દ્રાદિના વિષયવાળો ઉપયોગ ન હોવા છતાં તે જીવ તેનું કારણ છે તેથી તે દ્રવ્યસ્વરૂપ છે. કારણ કે ભાવનું કારણ દ્રવ્ય હોય છે. સંક્ષેપથી સમજી શકાય છે કે તે તે વસ્તુનો જ્ઞાતા પરંતુ તે તે વસ્તુના

ઉપયોગ વિના વાચનાદિમાં વર્ત્તમાન મનુષ્ય, આગમને આશ્રયીને તે તે વસ્તુનો દ્રવ્યનિક્ષેપો છે... આવી જ રીતે આગમને આશ્રયીને દ્રવ્યઘટાદિનું સ્વરૂપ બરાબર સમજી લેવું.

અહીં એ યાદ રાખવું જોઈએ કે આગમ જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાન ભાવસ્વરૂપ છે. આગમને આશ્રયીને દ્રવ્યનિક્ષેપામાં આગમની અપેક્ષા હોવાથી તે અપેક્ષાએ મનુષ્ય(ઉપયોગરહિત તેવા મનુષ્ય)ને દ્રવ્યરૂપે યદ્યપિ વર્ણવવો ના જોઈએ; પરંતુ આગમ(જ્ઞાન)નું કારણ આત્મા છે, તેનાથી અધિષ્ઠિત શરીર છે અને શબ્દ ઉપયોગરહિત માત્ર સૂત્રોચ્ચારણ (પદોચ્ચારણ) સ્વરૂપ છે; સાક્ષાદ્ આગમ અહીં નથી. આત્મા, શરીર અને શબ્દ : આ ત્રણે ય આગમના કારણ હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરવાના કારણે આગમ કહેવાય છે અને વિવક્ષિત તે તે ભાવનું કારણ દ્રવ્ય જ હોય છે. આથી આગમને આશ્રયીને તેવા મનુષ્યને તે તે વસ્તુના દ્રવ્યનિક્ષેપા તરીકે વર્ણવ્યો છે. આથી સ્પષ્ટ રીતે સમજી શકાશે કે આગમથી દ્રવ્યનિક્ષેપાનું વર્ણન કરવામાં ઉપયોગરહિત અવસ્થાનો મુખ્યપણે વિચાર કર્યો છે. તે તે પદોનું સુપરિશુદ્ધ-દોષરહિત જ્ઞાન-ઉચ્ચારણ

હોવા છતાં જો ઉપયોગ ન હોય તો તે દ્રવ્યનિક્ષેપ છે.

નો-આગમથી દ્રવ્યનિક્ષેપાના ત્રણ પ્રકાર છે. જ્ઞશરીર દ્રવ્યનિક્ષેપ, ભવ્યશરીરદ્રવ્યનિક્ષેપ અને તદ્વ્યતિરિક્ત (જ્ઞ અને ભવ્યશરીરથી અતિરિક્ત) દ્રવ્યનિક્ષેપ : આ ત્રણ પ્રકારે નો-આગમને આશ્રયીને દ્રવ્યનિક્ષેપાનું વર્ણન કરાય છે. નો-આગમનો અર્થ, સર્વથા આગમનો અભાવ તેમ જ દ્રવ્યના એક દેશમાં આગમનો અભાવ : આ પ્રમાણે બંન્ને થાય છે. વક્તાની વિવક્ષા મુજબ પ્રયુક્ત શબ્દોના અર્થને સમજવા માટે નિક્ષેપાની વિચારણા કરાય છે. વક્તાના વાસ્તવિક આશયને હાનિ પહોંચાડવા માટેની અહીં વિચારણા નથી. જ્ઞશરીરસ્વરૂપ નો-આગમથી દ્રવ્યનિક્ષેપા સ્થળે અને ભવ્યશરીર સ્વરૂપ નો-આગમથી દ્રવ્યનિક્ષેપા સ્થળે નો શબ્દનો અર્થ 'સર્વથા અભાવ' થાય છે અને અન્યત્ર નો-આગમથી દ્રવ્યનિક્ષેપાસ્થળે નો શબ્દનો અર્થ 'દ્રવ્યના એક દેશમાં અભાવ' એવો થાય છે. નો શબ્દનો અર્થ આપણી ઈચ્છા મુજબ કરવાનો નથી-એ યાદ રાખવાનું છે.

સામાન્ય રીતે નો-આગમને આશ્રયીને જ્ઞશરીર-દ્રવ્યનિક્ષેપો તેને કહેવાય છે કે-જેના નિક્ષેપાનો વિચાર

કરવાનો છે તેના અર્થના જ્ઞાતાનું જે મૃતાવસ્થાનું શરીર છે તે શરીર જ્ઞશરીરદ્રવ્યનિક્ષેપ છે. મૃત અવસ્થામાં રહેલા તે શરીરમાં સર્વથા આગમનો અભાવ છે અને આ પૂર્વે આગમ (જ્ઞાન)નું તે કારણ બનેલું છે. ભૂતકાલીન ભાવની કારણતાને લઈને અને વર્ત્તમાનકાલીન આગમના સર્વથા અભાવને લઈને મૃતાવસ્થાના એ શરીરને તે તે વસ્તુનો નો-આગમથી જ્ઞશરીરદ્રવ્યનિક્ષેપ કહેવાય છે.

આવી જ રીતે જેના નિક્ષેપાનો વિચાર કરવાનો છે તેના અર્થનું જ્ઞાન વર્ત્તમાનમાં જેને નથી પરંતુ ભવિષ્યમાં તેના અર્થનું જ્ઞાન પ્રાપ્ત કરનારો તે થશે, તે મનુષ્યને વર્ત્તમાનમાં નો-આગમથી ભવ્યશરીરદ્રવ્યનિક્ષેપ કહેવાય છે. ભવિષ્યત્કાલીન જ્ઞાનની કારણતાને લઈને (તેનો ઉપચાર કરીને) અને વર્ત્તમાનકાલીન આગમના સર્વથા અભાવને લઈને એવા શરીરને(મનુષ્યાદિને) નો-આગમથી ભવ્યશરીર દ્રવ્યનિક્ષેપ કહેવાય છે.

આ બંન્નેમાં નો-આગમથી જે દ્રવ્યનિક્ષેપાનો સમાવેશ થતો નથી તે નો-આગમથી દ્રવ્યનિક્ષેપાને જ્ઞશરીર-ભવ્યશરીર-વ્યતિરિક્ત નો-આગમથી દ્રવ્યનિક્ષેપ કહેવાય છે. તેના અનેક પ્રકારો છે. વક્તાની વિવક્ષા

મુજબ તે તે પ્રકારો સમજી લેવા જોઈએ. શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં આવશ્યકને લઈને કરેલી નો-આગમથી દ્રવ્યનિક્ષેપાની વિચારણાને અનુસરીને તે નિક્ષેપાને નીચે જણાવ્યા મુજબ સમજી લેવો.

જે સાધુભગવંતાદિએ આવશ્યકસૂત્રનું જ્ઞાન પ્રાપ્ત કરી શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞા મુજબ તેની આરાધના -પ્રરૂપણા કરી છે અને ત્યાર બાદ તેઓ કાળધર્મ પામ્યા છે તે વખતનું શય્યા, સંથારો અને શિલા વગેરેમાં રહેલું જે અચેતન શરીર છે, તે નો-આગમથી જ્ઞશરીર દ્રવ્યાવશ્યક છે.

જે મનુષ્ય-મુમુક્ષુએ આવશ્યકસૂત્રનું જ્ઞાન હજી પ્રાપ્ત કર્યું નથી, પરંતુ ભવિષ્યમાં તે જ્ઞાનને પ્રાપ્ત કરી આવશ્યક-ક્રિયા વગેરે કરશે તે મુમુક્ષુના શરીરને નો-આગમથી ભવ્યશરીરદ્રવ્યાવશ્યક કહેવાય છે. અહીં બંન્ને સ્થાને આવશ્યકસૂત્રના જ્ઞાન સ્વરૂપ આગમનો સર્વથા અભાવ છે. જ્ઞશરીર અચેતન છે અને ભવ્યશરીર સચેતન છે.

જે સાધુભગવંતાદિ શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞાથી નિરપેક્ષ સ્વચ્છંદપણે આવશ્યક કરે છે તે ઉપયોગ રહિતપણે આવશ્યક કરનારા સાધુભગવંતાદિને નો-

આગમથી જ્ઞશરીરભવ્યશરીર-વ્યતિરિક્ત દ્રવ્યાવશ્યક કહેવાય છે. અહીં આવી ઉપયોગરહિતપણે ક્રિયા કરનારા સાધુભગવંતાદિના ક્રિયાસ્વરૂપ એક દેશમાં આગમનો અભાવ છે. નો-આગમથી જ્ઞશરીરભવ્યશરીરવ્યતિરિક્ત દ્રવ્યાવશ્યકના ત્રણ ભેદ છે. લૌકિક, કુપ્રાવચનિક અને લોકોત્તર. એમાંથી "નો-આગમને આશ્રયીને જ્ઞશરીરભવ્ય-શરીરવ્યતિરિક્ત લોકોત્તર દ્રવ્યાવશ્યક" આ ત્રીજો ભેદ જણાવ્યો.

"નો-આગમથી જ્ઞશરીરભવ્યશરીરવ્યતિરિક્ત લૌકિક દ્રવ્યાવશ્યક"નું વર્ણન કરતાં ત્યાં જણાવ્યું છે કે-રાજા, મંત્રી, નગરશેઠ વગેરે લોકો સવારે મુખ ધોવું, દાંત સાફ કરવા વગેરે જે પ્રાતઃકર્મ કરીને પોતપોતાના કામે જાય છે તે બધી મુખ ધોવા વગેરેની ક્રિયા; નો-આગમથી જ્ઞશરીરભવ્યશરીરવ્યતિરિક્ત લૌકિકદ્રવ્યાવશ્યક છે. યદ્યપિ આ રીતે મુખ ધોવા વગેરેની ક્રિયા આવશ્યક હોવા છતાં તેને દ્રવ્ય તરીકે વર્ણવવાનું ઉચિત નથી. કારણ કે જે ભાવનું કારણ હોય છે તેને દ્રવ્ય કહેવાય છે. ભૂતકાલીન અથવા ભવિષ્યત્કાલીન ભાવાવશ્યકનું કારણ, એ મુખધાવનાદિ ક્રિયા નથી તેથી તેને દ્રવ્ય તરીકે વર્ણવવાનું

ઉચિત નથી. પરંતુ "ભાવનું કારણ દ્રવ્ય હોય છે તેને જ દ્રવ્ય કહેવાય છે."-એવું નથી. અપ્રધાનને પણ દ્રવ્ય કહેવાય છે. મોક્ષના કારણભૂત ચારિત્ર વગેરેની અપેક્ષાએ સંસારના કારણ સ્વરૂપ મુખધાવનાદિ અપ્રધાન છે. તેથી તેને દ્રવ્ય તરીકે વર્ણવવામાં દોષ નથી...ઈત્યાદિ બરાબર સમજી લેવું.

"નો-આગમથી જ્ઞશરીરભવ્યશરીરવ્યતિરિક્ત કુપ્રાવચનિક દ્રવ્યાવશ્યક"નું વર્ણન કરતાં શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં ફરમાવ્યું છે કે જેમનું પ્રવચન કુત્સિત છે એવા ચરક વગેરે સંન્યાસીઓ સવારમાં ઈન્દ્ર અને કાર્ત્તિકેય વગેરેની જે પૂજાદિ કરે છે તે પૂજા વગેરે નો-આગમથી જ્ઞશરીર-ભવ્યશરીરવ્યતિરિક્ત કુપ્રાવચનિકદ્રવ્યાવશ્યક છે. લૌકિક અને કુપ્રાવચનિક આ દ્રવ્યાવશ્યકમાં આગમનો સર્વથા અભાવ હોવાથી અહીં નો શબ્દ સર્વથા નિષેધાર્થક છે અને પૂર્વે જણાવ્યા મુજબ સંસારનું કારણત્વ હોવાથી અપ્રધાનદ્રવ્યત્વ એમાં સ્પષ્ટ છે...આ રીતે દ્રવ્યનિક્ષેપાનું સ્વરૂપ સર્વત્ર સમજી લેવું. નિક્ષેપાનું સ્વરૂપ સમજતી વખતે ખૂબ ઉપયોગપૂર્વક વક્તાના આશયને હાનિ ન પહોંચે એ રીતે સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. નો-

આગમને આશ્રયીને જ્ઞશરીરભવ્યશરીરવ્યતિરિક્ત દ્રવ્યનિક્ષેપાનું વર્ણન અનેકાનેક રીતે કરાયેલું છે. એને ધ્યાનમાં લીધા વિના તેનું વર્ણન કરવામાં આવે તો ધર્મદેશક એવા પરમોપકારી મહર્ષિઓના આશય સુધી પહોંચવાનું કોઈ પણ રીતે શક્ય નહિ બને. દાર્શનિક પરિભાષા અને આગમિક પરિભાષા : એ બંન્ને પરસ્પરબાધક નથી, પરંતુ પરસ્પરપૂરક છે. શ્રી અનુયોગદ્વારસૂત્રમાં જે વસ્તુ વર્ણવી હોય તેનાથી વિરુદ્ધ તો શ્રીનયરહસ્ય, શ્રી નયોપદેશ વગેરે ગ્રંથમાં નહિ જ વર્ણવી હોય : એ ભૂલવું ન જોઈએ. પદાર્થની ગંભીરતા અને છીછરી વિદ્વત્તા : આ બેનો યોગ ખૂબ જ ગંભીર પરિસ્થિતિને સર્જે છે. એમાંથી કદાગ્રહ જન્મે છે, જેથી પરિસ્થિતિ વણસી જાય છે.

**ભાવ :** દ્રવ્યનિક્ષેપાનું વર્ણન કરીને ભાવનિક્ષેપાનું વર્ણન કરતાં-"**भावो विवक्षितक्रियाऽनुभूतियुक्तो हि वै समाख्यातः । सर्वज्ञैरिन्द्रादिवदिहेन्दनाक्रियाऽनुभवात् ॥**"- આ ગાથાથી 'ભાવ'નું સ્વરૂપ વર્ણવ્યું છે. એનો આશય એ છે કે પરમ ઐશ્વર્યાદિ પરિણામસ્વરૂપ ઈન્દનાદિ ક્રિયાનો અનુભવ કરતા હોવાથી દેવલોકમાં રહેલા ઈન્દ્રને જેમ ભાવેન્દ્ર કહેવાય છે તેમ વક્તાએ જે ક્રિયાની વિવક્ષા

(કહેવાની ઈચ્છા) કરી હોય તે ક્રિયાના અનુભવથી યુક્ત જે અર્થ છે તેને સર્વજ્ઞ ભગવંતોએ ભાવ તરીકે વર્ણવ્યો છે. યદ્યપિ આ અર્થ ક્રિયાયુક્ત હોવાથી તેને ભાવ કહેવાના બદલે ભાવવાન વર્ણવવો જોઈએ. પરંતુ ભાવ(ક્રિયા-પરિણામ) અને ભાવવાન : બંન્નેનો કથંચિદ્ અભેદ હોવાથી એ અર્થને ભાવસ્વરૂપે વર્ણવ્યો છે.

આગમ અને નો-આગમને-આશ્રયીને ભાવનિક્ષેપાના બે પ્રકાર છે. આવશ્યકક્રિયાને આશ્રયીને આગમથી ભાવાવશ્યકનું વર્ણન કરતાં શ્રી અનુયોગદ્વારસૂત્રમાં ફરમાવ્યું છે કે-જે સાધુભગવંતાદિ આવશ્યકસૂત્રના જ્ઞાતા છે અને તે જ્ઞાનથી ઉત્પન્ન થયેલા સંવેગને લઈને વિશુદ્ધ પરિણામને ધારણ કરનારા ઉપયોગવાળા છે તે સાધુભગવંતાદિને ભાવાવશ્યક કહેવાય છે. સામાન્ય રીતે વિવક્ષિત ભાવના જ્ઞાતા એવા, તેના ઉપયોગવાળા પૂ. સાધુભગવંતાદિ આગમને આશ્રયીને ભાવ છે. ભાવ અને ભાવવાનને કથંચિદ્ અભેદ હોવાથી એ વિવક્ષા છે.

નો-આગમને આશ્રયીને ભાવાવશ્યક ત્રણ પ્રકારનું છે. લૌકિક, કુપ્રાવચનિક અને લોકોત્તર. સવારે તેમ જ સાંજે લોકો મહાભારત અને રામાયણ વગેરે વાંચે છે,

સાંભળે છે; તે વાંચવાની કે સાંભળવાની ક્રિયા કરનારા લોકોને નો-આગમથી લૌકિક ભાવાવશ્યક કહેવાય છે. અહીં અવશ્યકરવાપણું હોવાથી આવશ્યકત્વ છે, ઉપયોગ-પૂર્વક કરતા હોવાથી ભાવત્વ છે અને હાથ જોડવા, પુસ્તકનાં પાનાં ફેરવવાં વગેરે ક્રિયાસ્વરૂપ એક દેશમાં જ્ઞાનનો અભાવ હોવાથી નો-આગમત્વ પણ છે...ઈત્યાદિ સમજી શકાય છે. આવી જ રીતે ચરક વગેરે કુપ્રાવચનિકો દરરોજ ઉપયોગપૂર્વક યજ્ઞ વગેરે અનુષ્ઠાનો કરતા હોવાથી, નો-આગમને આશ્રયીને કુપ્રાવચનિકભાવાવશ્યક તેવા ચરક વગેરે સંન્યાસીને કહેવાય છે...ઈત્યાદિ પણ સ્પષ્ટ છે. અહીં તે તે ક્રિયા અને ક્રિયાવાનને ભાવાવશ્યક કહેવાય છે. કારણ કે ભાવને આશ્રયીને અને ભાવસ્વરૂપ તે તે ક્રિયા આવશ્યક છે, અને તેને તદ્વાન(ક્રિયાવંત)ની સાથે કથંચિદ્ અભેદ છે...એ યાદ રાખવું.

નો-આગમને આશ્રયીને લોકોત્તર ભાવાવશ્યકનું વર્ણન કરતાં શ્રી અનુયોગદ્વારસૂત્રમાં ફરમાવ્યું છે કે પૂ. સાધુસાધ્વી, શ્રાવકશ્રાવિકાઓ દરરોજ એકાગ્રચિત્તે ઉપ-યોગપૂર્વક ઉભયકાળ જે આવશ્યક કરે છે તે નો-આગમથી લોકોત્તર ભાવાવશ્યક છે. કારણ કે ત્યાં મુહપત્તીપડિલેહણા

અને પ્રમાર્જનાદિ ક્રિયા સ્વરૂપ એક દેશમાં આગમનો અભાવ છે...ઈત્યાદિ ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ છે. ભાવનિક્ષેપાનો વિચાર કરતી વખતે મુખ્યપણે ઉપયોગની વિચારણા કરવી જોઈએ. વસ્તુમાત્રનો કોઈને કોઈ ઉપયોગ હોય છે, જેને શાસ્ત્રીયપરિભાષામાં અર્થક્રિયાકારિત્વ તરીકે વર્ણવાય છે. તેની વિદ્યમાનતામાં જ વસ્તુનું ભાવત્વ વર્ણવી શકાય છે. તેને નજર સામે રાખીને વસ્તુમાત્રના ભાવનિક્ષેપાનો વિચાર કરવો જોઈએ.

અંતે શ્રી અનુયોગદ્વાર, શ્રી તત્ત્વાર્થાધિગમ...વગેરે સૂત્રમાં વર્ણવેલા એ નિક્ષેપાનું સ્વરૂપ સમજીને આત્માના શુદ્ધ સ્વભાવના આવિર્ભાવ માટે આપણે સૌ પ્રયત્નશીલ બની રહીએ, એ જ એક શુભાભિલાષા...